સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

પાકે છે પરાણે ફળ, આજકાલ દવાથી,
એમ પાકે છે પદ, નિવેદનોથી હવાથી,
જવાથી વારંવાર દિલ્હી, થાય આભા ઊભી!
સંતોષ નથી કોઇ માણસને, 'શ્રી સવાથી'..

કૉંગ્રેસ ને જ -
હવે કેગની બિલ્લી,
કરે છે મ્યાંઉ..

છે દિગ્વિજય,
ચિહ્ન 'એચએમવી'નું -
કરડે સૌને..

ચિંતન

અજ્ઞઃ સુખમારાધ્યઃ સુખતરમારાધ્યતે વિશેષજ્ઞઃ ।
જ્ઞાનલવ દુર્વિદગ્ધં બ્રહ્માપિ નરં ન રંજયતિ ॥

ભતૃહરિ 'નીતિ શતક'નો આ શ્લોક છે :

'અજ્ઞાનીને સહેલાઇથી પ્રસન્ન કરી શકાય છે. વિશેષ જ્ઞાન ધરાવનારને વિશેષ સરલતાથી પ્રસન્ન કરી સમજાવી શકાય છે પરંતુ અધગરાં-થોડાંક જ્ઞાનથી જ પોતાને વિદ્વાન-જ્ઞાની માનનાર-સમજદાર વ્યક્તિને બ્રહ્મા પણ સરળતાથી પ્રસન્ન કરી કે સમજાવી શકતા નથી.'

જે અજ્ઞાની-અભણ છે અને એ વાતની એને જાણ હોય તથા એ અજ્ઞાનનો સ્વીકાર કરી શકે એટલો નમ્ર હોય એવા જનને કોઇ વાત જો સમજાવવાની હોય તો એ સરળતાથી સમજી શકે છે પોતાના જ્ઞાન-બુધ્ધિ કે આવડતથી એ 'દલીલો' કરતો નથી.

જે વિશેષ જ્ઞાની હોય એ પણ સરળતાથી સાચાં ખોટાંનો વિવેક કરી શકે છે અને કોઇ પણ વાત-હકીકત એને સમજાવવામાં આવે ત્યારે એ તરત સમજી સ્વીકાર કરી લે છે.

પરંતુ જેને અધકચરૂં કે નહીવત્ જ્ઞાન હોય છતાં પોતાને 'સર્વજ્ઞ' સમજતા હોય એને કોઇ પણ 'સત્ય' કહેવામાં આવે ત્યારે પોતાનું અધકચરૂં જ્ઞાન દર્શાવવા દલીલ-ચર્ચા-વિરોધ કરી પોતાનો જ કક્કો સાચો છે એવું ઠસાવવા પ્રયત્ન કરે છે. આવાં લોકોને ભગવાન સર્વજ્ઞ જાતે આવી સમજાવે છતાંય એમને અસંતોષ જ રહે છે.

અધજલ ઘઘરી છલકત જાય - અધુરો ઘડો છલકાય જેવી આ વાત છે.

સુવિચાર

- માણસનું હૃદય જ્યાં સુધી પરમાત્માનું મંદિર નહીં બને ત્યાં સુધી બીજા કોઇ મંદિરમાં પરમાત્માનાં દર્શન થશે નહીં - પાંડુરંગ આઠવલે
- દયા, પ્રેમ, કરૂણા, વાત્સલ્યથી ભરેલું હૃદય જ વિશ્વની સાચી અને સૌથી મોટી સમૃધ્ધિ છે, ભૌતિક સમૃધ્ધિ તો હલકી વ્યક્તિઓ પાસે પણ હોય છે - વિશ્વવલ્લભ
- અસત્ય બોલવાથી હૃદય વિવેકહીન અને જડ થઇ જાય છે, અસત્યથી દૂર રહેવું - રણછોડદાસજી મહારાજ
- મનુષ્યોને બે હૃદયો હોય છે એકમાંથી રક્તધારા વહે છે બીજામાંથી સ્નેહધારા - ખલિલ જિબ્રાન
- હૃદય હંમેશાં વહેમ, અવિશ્વાસ, ટીકા કે અનાદરથી જીતી શકાય નહીં, પણ પ્રેમ આપીને જીતી શકાય - રોનિંગ
- 'હૃદય'ને એનાં પોતાનાં અંગત કારણો હોય છે એની બુધ્ધિ અને મગજને પણ જાણ થતી નથી - પાસ્કલ
- હૃદય, જે અને જેટલું સમજે છે, એ અને એટલું મગજને નથી સમજાતું - એસ. ભટ્ટાચાર્ય

બોધ કથા

જ્યા સુધી આપણે નમ્ર, અહંકાર મુક્ત, ખાલી થઇને સંતગુરૂ પાસે 'જ્ઞાન' પામવા નહીં જઇએ ત્યાં સુધી કંઇ જ પ્રાપ્ત નહીં થાય જો પાત્ર 'ખાલી' હોય તો જ એમાં કંઇક ભરાય, ભરેલું જ હોય તો?

ગુર્જીએફ નામના સંત તદ્દન સરળ ભાષામાં લોકોને ધર્મ અને આચરણ બાબતમાં ઉપદેશ આપતા હતા. લોકોને એમની વાતો હૃદય સોંસરવી ઉતરી જતી હતી. એને કારણે જ એમની લોકચાહના તો ખૂબ જ પ્રસાર થતો નથી.

આ જ્ઞાની તત્ત્વચિંતકના વખાણ એમના જ એક ઇર્ષાળુ મિત્ર ઓસ્પેન્સકીના કાન સુધી પહોંચ્યા, ઓસ્પેન્સ્કીએ પણ ખુબ જ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો અને ધર્મ બાબત પોતે પણ ઘણું જાણે છે એવું અભિમાન એમનાં મનમાં હતું. એટલે એ એકવાર ગુર્જીએફ ને મળવા ગયા અને કહ્યું, લોકો તમારાં વ્યાખ્યાન અને સંવાદ સાથેની ચર્ચાના ખૂબ વખાણ કરે છે માટે પણ તમારી સાથે આધ્યાત્મિક વિવાદ કરવો છે તમને ક્યારે અનુકૂળ સમય છે?

ગુર્જીએફ એમના મનનો ભાવ સમજી ગયા. કહ્યું, તમે પહેલાં ઇશ્વર-ધર્મ અને આચરણ વિશે શું શું જાણો છો અને શું નથી જાણતા એટલું કાગળ પર લખીને લઇ આવો પછી ચર્ચા કરીએ!

ઓસ્પેન્સ્કી ઘેર જઇ લખવા બેઠા... કાગળ પર એક શબ્દ લખી ન શક્યા. અને જે જાણવાનો અહમ હતો તે ઓગળી ગયો. કોરા કાગળ સાથે, અશ્રુ સાથે, ગુર્જીએફ પાસે ગયા. ગુર્જીએફ તેમને ભેટી પડ્યા.. કહ્યું મિત્ર! આને જ જ્ઞાન કહેવાય, આપણે કશું જ જાણતા નથી..

નિર્ભય રહો, કારણ કે બધી જ વસ્તુઓ નશ્વર તથા છાયા માત્ર છે, સમસ્ત દ્રશ્ય પદાર્થોનાં અંતરાલમાં અસત્યતા વ્યાપ્ત છે

પવિત્રતા : એવો સમય આવે છે, જયારે મનુષ્ય સંસારને ભૂલીને એવા શાંતિમય -દેશમાં પહોંચે છે, જયાં આત્મા સ્વરૂપ સ્થિત રહે છે - પરમાત્માની સંનિકટ રહે છે. ત્યારે અંતઃકરણની બધી જ, વાસનાઓ વિલીન થઇ જાય છે. ઇન્દ્રિયોની ચેષ્ટા શાંત થઇ જાય છે. માત્ર ઇશ્વર રહે છે.

એક શુધ્ધ મન જે પરમાત્મામાં સ્થિત છે - એનાથી પવિત્ર કોઇ મંદિર નથી. એ પવિત્ર દેશથી વધુ કોઇ પવિત્ર સ્થાન નથી, જેમાં પરમાત્મામાં સ્થિર મન -વેશ કરે છે. પરમાત્મામાં ઠતા વિચારો અમાપ છે. પવિત્રતા, શાંતિ, આનંદ વિગેરેથી જ ધ્યાનની અવસ્થા -ઝ્ર થાય છે. આ જ એકાંતવાળા અને પવિત્રતાથી ભરેલ સમયમાં ધાર્મિક વિચારોનો ઉદય થાય છે. આત્મા ઉદભવબિંદુથી - મૂળસ્થાનથી અત્યંત સમીપ રહે છે. આ જ સમયે વ્યકિતત્વનો સ્રોત્ર વિકસિત થઇને એક મહાન અત્યંત વેગવાન નદનું સ્વરૂપ ધારણ કરીને સત્ય, સનાતન, કૈવલ્ય પદની તરફ -વાહીત થાય છે.

તે માત્ર એક છે. ધ્યાનનાં સમયે જીવાત્મા મહાન પરમાત્મા પાસેથી એ સત્યતા, અભયતા, અમરત્વ, શાંતિ, ેમ, સદાચાર, સમત્વ, તટસ્થતા વિગેરે દૈવી ગુણોને કે જે એના સ્વાભાવિક ગુણો છે, તેનું અસ્તિત્વ છે, જે તેનો મૂળભૂત સ્વભાવ છે, તેને આકર્ષિત કરે છે.

હે આત્મન ! પોતાની અંદર તેને આકર્ષિત કરો.
સત્યની સાથે એ શાંત સમયને શોધો.
પોતાને સત્ય તત્વ તથા ઇશ્વરનો અંશ સમજો.
વસ્તુત ઇશ્વર હૃદયમાં જ રહે છે.

- ઉર્વી રાજવીર

શાંતિ : નિર્ભય રહો, કારણ કે બધી જ વસ્તુઓ નશ્વર તથા છાયા માત્ર છે. સમસ્ત દ્રશ્ય પદાર્થોનાં અંતરાલમાં અસત્યતા વ્યાઝ્ર છે.

તમે એ સત્ય છો જેમાં કોઇ -કારનુ પરિવર્તન સંભવ નથી. તમે સ્પંદનરહિત છો. -કૃતિને તમારી સાથે રમવા દો, એ જેમ ઈરછે છે તેમ રમવા દો. તમારું રૂપ એક સ્વપ્ન છે. એને જાણો અને સંતુષ્ટ રહો. ઇશ્વરના અરૂપત્વમાં તમારો આત્મા સ્થિત છે.

પોતાનાં મનને -કાશની પાછળ જવા દો. વાસનાઓ ેરિત કરે છે, સીમાની દિવાર ઉભી કરે છે, પરંતુ તમે મન નથી, વાસનાઓ તમને સ્પર્શ પણ નથી કરી શકતી. તારી સ્થિતિ સર્વજ્ઞતા અને સર્વવ્યાપકતામાં છે. યાદ રાખો, જીવન એક ખેલ છે, તમે પોતાનો ભાગ ભજવો, અવશ્ય ભજવો, એવો જ નિયમ છે .છતાં પણ ન તો તમે ખેલાડી છો, ન ખેલ છે કે નથી નિયમ. સ્વયં જીવન પણ તમને સીમિત નથી કરી શકતું. જીવન સ્વપ્ન તત્વોથી બનેલું છે. તમે સ્વપ્ન નથી જોતાં. તમે સ્વપ્નરહિત છો અને અસત્યનાં સ્પર્શ અને ધબ્બાથી પરે છો.

એને જાણો ! એને માણો ! તમે સ્વતંત્ર છો !! તમે સ્વતંત્ર છો. !!!

શાંતિ, શાંતિ, શાંતિ,! -ત્યક્ષ શાંતિ છે!! શાંતિ જેમાં પરમાત્માની વાણી સ્પષ્ટ સંભળાય છે. શાંતિ અને માત્ર શાંતિ - હું સદાય તમારી સાથે છું. તું મારાથી અલગ ન હતો, અને રહી પણ નહી શકે. હું તારો આત્મા છું. હું વિશ્વથી પર, બધાં જ સ્વપ્નોથી પર પોતાનાંમાં સ્થિત રહું છું - અને એવી જ રીતે તમે પણ છો. કારણ કે હું તું જ છું, તું હું જ છું, બધા જ સ્વપ્નોને ત્યાગી દો. મારી પાસે આવો. હું, તમને અજ્ઞાન અને અંધકારના સમુદ્રની પાર અનંત જીવન અને -કાશમાં પહોંચાડીશ કારણ કે, તું અને હું એક જ છીએ - તું હું છું અને હુ તું છું. જા શાંતિમાં સ્થિત થાઓ. પછી જયારે સમય આવશે, મારા શબ્દ સાંભળશો.

જાગો : જાગો, પછી સમય સમીપ છે. સંધ્યાકાળ થઇ રઝ્રો છે. બાહર બધે જ શાંતિ છે. સ્વયં -કૃતિ પણ શાંત છે. શાંત -કૃતિમાં મન અધિક શાંતિ તથા તીવ્રતાની સાથે હૃદયનાં અંતરદેશમાં -વેશ કરે છે. ઇન્દ્રિયોનું ચાંચલ્ય શાંત થવા દો, જીવન બહુ જ નાનું છે. વાસનાઓ -બળ છે. ઇશ્વરને માટે થોડોક સમય જરૂરથી આપો. એમને ખૂબ જ ઓછો સમય જોઇએ છે ફક્ત એટલુ જ કે તમે સ્વયંને, પોતાની જાતને જાણો, કારણ કે વસ્તુત પોતાને જાણતા તમે એને જાણી જશો.

પરમાત્માં અને આત્મા એક જ છે. ઘણાં લોકો કહે છે કે, મનુષ્ય, યાદ રાખ, તમે માટી છો. આ મન અને શરીર મારે સત્ય છે, પરંતુ અધિક ઉંન્નત, શક્તિશાળી પરમ સત્ય અને પવિત્ર અનુભવ બદલાય છે, કે, હે મનુષ્ય ! યાદ રાખ ! તું આત્મા છે. પરમાત્માં કહે છે કે કેવળ તું જ અવિનાશી છે, બાકી બધું જ નશ્વર છે. કેટલુય મોટું સ્વરૂપ હોય એનો નાશ થાય છે - બધા જ નામ, રૂપ સાથે મૃત્યુ અને નાશ જોડાયેલાં છે. વિચારો પરિવર્વનશીલ છે. વ્યકિતત્વ નામરૂપથી ઓત ોત છે.

હે જીવાત્મા ! એટલે એનાથી દૂર રહો. યાદ રાખ ! તમે નામ અને રૂપથી પર એવો આત્મા છું.

સમસ્ત ધર્મ એમાં જ નિહિત છે કે તમે પરમાત્માં છો. કેવળ એમાં તમારું અમરત્વ છે. કેવળ એમાં જ તમે, શુધ્ધ અને પવિત્ર છો.

સ્વામી બનવાનો -યત્ન ન કરો. તમે જ સ્વામી છો. તમારા માટે બનવાનું નથી. જીવાત્મા તમે જ છો. ઉધ્વગતિ કરવાનો ઢંગ ભલે ગમે તેટલો ઉંચો હોય પણ સમય આવશે જયારે તમે જાણશો કે ઉન્નતિ સમયની અંદર છે, પરંતુ પૂર્ણતાનો અનુભવ અંતમાં છે. તમે સમયનાં નહી, અંનતનાં છો- જો પરમાત્માં છે તો તત્વમસિ એ તમે જ છો, તમારી અંદર જે સૌથી મહાન છે તેને ઓળખો. સૌથી મહાન છે તેની ઉપાસના કરો. સૌથી ઉન્નત ઉપાસનાનું તે જ્ઞાન છે કે જે બતાવે છે કે તું અને તે એક જ છો. સૌથી મહાન શું છે? સૌથી શ્રેષ્ઠ શું છે? હે જીવ, એને તમે પરમાત્માં કહો છો. સમસ્ત સ્વપ્નોને વિસ્મરણની અવસ્થામાં નાખી દો. એ સાંભળીને કે પરમાત્માં તમારી અંદર જ છે અને તે તમે જ છો, એને સમજો. સમજીને જુવો, જોઇને જાણો, જાણીને અનુભવ કરો. તત્વમસિ તે તમે છો.

સંસારથી અસંગ થઇ જાવ, સંસાર સ્વપ્નથી બનેલો છે. આ સંસાર અને શરીર વસ્તુત એ જ બંને આ ઘોર સ્વપ્ન નો આધાર છે. શું તમે સ્વપ્ન જોતાં જ રહેશો? શું તમે આ સ્વપ્નનાં વિકટ બંધનમાં બંધાયેલાં જ રહેશો?

ઉઠો અને જાગો - જયાં સુધી લક્ષ્યની -ઝ્રિ ન થઇ જાય ત્યાં સુધી રોકાશો નહી.

એવી શાંતિ, ગહન શાંતિ જેમાં પરમાત્માની વાણીથી વિશેષ બીજુ કશું જ સંભળાતું નથી, પરમાત્માં કહે છે, હરિઃ ૐ તત સત,

હરિ હી ૐ હૈ, વો હી સત્ય હે, ઔર વો તુમ હો.
તમે શાંતિમાં સ્થિર થાઓ.
સમસ્ત દ્રશ્ય પદાર્થોની અંદર અને બહાર આત્મા વ્યાઝ્ર છે. એનો સ્વભાવ છે
- શાંતિ ! શાંતિ !! અનિર્વચનીય શાંતિ!!!

પ્રસ્તાવના...

તે દિવસોમાં મારાં મનમાં ઇશ્વર-ઝ્રિની લાલચ તો હતી જ, વ્યાકુળતા પણ ઓછી ન હતી. વચ્ચે વચ્ચે પોતાની ત્રુટિઓ અને નિર્બળતાઓને જોઇને નિરાશ પણ થઇ જતો હતો. ઘર-બાર છોડીને ક્યાંક શાંત- એકાંત વનમાં જઇને નિસ્પંદિત પડ્યાં રહેવાનું મન થયા કરતું હતું, ત્યારે જ મહાઇચ પરગણાંનાં કાનૂની ઠાકુર ઝગરુસિંહ સાથે પરિચય થયો. થોડાં જ દિવસોમાં મૈત્રી ગાઢ થઇ. હું નિઃસંકોચપણે કહી શકું છું કે આ ત્રીસ- પાંત્રીસ વર્ષનાં સત્સંગ -ચુર જીવનમાં એવાં સારચાં, સરળ હૃદય તથા ઇમાનદાર વ્યક્તિ બીજા જોયાં નથી. પછી મારાં પર એમની શ્રધ્ધા બેસી ગઇ અને મારાથી વિધિપૂર્વક યજ્ઞોપવિત સંસ્કાર કરાવીને મંત્રદિક્ષા લીધી અને અનુષ્ઠાન કરવા લાગ્યાં. મને મળ્યાં તે પહેલાં જ તેઓ એક વાર બધુ છોડીને હિમાલયની વાટે ગયાં હતાં તથા પાછાં પણ આવી ગયાં હતાં. તેમને એફ . જે . એલેકઝેન્ડર દ્વારા લિખિત અંગ્રેજીનું પુસ્તક **In the Hours of Meditation** - ધ્યાન કે સમય એક મહાત્માએ આપી હતી અને એનાથી એમનાં જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ પરિવર્તન આપ્યું હતું. એમણે જ આ પુસ્તકનાં થોડાંક અંશ અનુવાદ કરીને સંભળાવ્યાં, તે મને ખૂબ જ ચ્યિ લાગ્યાં. એમાંથી મને ખૂબ જ આશ્વાસન મળ્યું. મારાં જીવન નિર્માણ માટે એક દિશા મળી. મારાં કહેવાથી તેમણે મોટોભાગનું પુસ્તક પોતાની ઉર્દુ મિશ્રિત ભાષામાં બોલી દીધું અને મે સંસ્કૃત -ધાન હિન્દીમાં લખી દીધું, કહેવું જરૂરી નથી કે મે હજી સુધી અંગ્રેજી ભાષા - લિપિ નથી શીખી, તેથી મૂળ ગ્રંથ સાથે આ અનુવાદનો કેટલો સંબંધ છે, તે હું નથી કહી શકતો, એટલું ચોક્કસપણે કહી શકીશ કે આ પુસ્તકની ભાષા અને ભાવ પર મારી એટલી મમતા થઇ ગઇ કે આ પુસ્તકમાં મારું હૃદય બોલતું હોય તેવું લાગે છે.

મેં, મારા, સાધક જીવનનાં -રંભમાં આ પુસ્તકનું એટલું સ્વ અધ્યન કર્યુ છે, એનાં ધ્વારા -ઝ્ર પથદર્શનથી લાભ ઉઠાવ્યો છે કે હું મારાં ેમી સતસંગીઓને એનાથી લાભાન્વિત કર્યા વિનાં નહી રહી શકું. મને પૂર્ણવિશ્વાસ છે કે આ અનુવાદ કોઇ પણ સાધકને પોતાનાં લક્ષ્યની -ઝ્રિમાં સમર્થ તેમજ સક્રિય સહયોગ આપશે.

મૂળ લેખક : એફ . જે . એલેકઝેન્ડર - **In the Hours of Meditation:**
હિન્દી અનુવાદ અખંડ આનંદ સરસ્વતી ધ્યાન કે સમય
ગુજરાતી અનુવાદ ઉર્વી રાજવીર : આતમ ગોષ્ઠી

આપણે દુઃખમાં હોઇએ ત્યારે આપણા ખાસ સ્વજનો દૂર જાય છે ને સુખમાં હોઇએ ત્યારે આપણે એમનાથી દૂર જતા હોઇએ છીએ, આપણાથી આવું ન થાય એની સભાનતા રાખીએ

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

રક્ષક થૈને વાવ્યાં ઝાડ પથ્થર થૈ ગ્યા લીલા પ્હાડ,
જુઠ્ઠાણાં બોલે મોટેથી, સાચ કરે ના રાડા રાડ
- મણિલાલ હ. પટેલ

એક ભાઇને એમના એક મિત્રે પૂછ્યું : 'તમે પેલા ભાઇના લગ્ન સમારંભમાં જઇ આવ્યાં?' હાં જઇ આવ્યો. 'મજા પડી?' 'મજા તો ઠીક પણ સમારંભ યોજનારો ભાઇ જબરો ઘમંડી લાગ્યો.' મારા જેવો માણસ ત્યાં ગયો પણ આપણું તો જાણે કોઇ મહત્ત્વ જ નહીં. આવા સંવાદો તમે પણ સાંભળ્યા હશે. સામે વાળા વ્યક્તિનો અહમ દેખાવ પણ એના વિષે વાત કરનારને પોતાની વાણીમાં રસાયેલો અહમ દેખાતો નથી. એને તો જાણે પુષ્પો વેરતો હોય એવું જણાય છે. દરેક મામસ પોતાનું વાર્જિંગ્ર બસ આમ, જ વગાડ્યા કરે તો આ જગતની સ્થિતિ કેવી થાય?

મિત્રો, આ જગતમાં દેખાતી ગરબડ, કલહ કે વિસંવાદનું મુખ્ય કારણ આપણા ખ્યાલો ચિત્ર-વિચિત્ર વ્યવહારો દ્વારા આપણે ત્રાસનું સામ્રાજ્ય સર્જીએ છીએ. આપણને જરા જેટલી તકલીફ પડે તો તરત સણકો આવે પડોશી કે અન્યને આપણે તકલીફ આથીએ છીએ. એનો ખ્યાલ પણ રહેતો નથી.

વર્ષો પછી આપણે ત્યાં પધારેલા કોઇ જૂના મિત્રને આપણએ પોતાનો વૈભવ બતાવીને કહીએ છીએ : 'આ બધી ઇશ્વરની કૃપા છે.' પરંતુ આ કહેવા પાછલ ગર્ભિત વાત તો એ છે કે 'છે આવું કાંઇ તમારી પાસે?'

આજે પ્રત્યેક માણસ પોતીકાંને જ ડારવા માથે મથકો દેખાય છે. સામાન્ય રીતે વેરવિખેર પડ્યું રહેતું આપણું ઘર કોઇ મહેમાન આવવાનાં હોય ત્યારે જ કેમ વ્યવસ્થિત કરવા માંડીએ છીએ? નવાં થાળી-વાટકા હોય કે મોંઘા આસન વસારે ખરાં પણ પોતે ન વાપરેને ઘરનાંને ન વાપરવા દે પરંતુ મહેમાન આવે ત્યારે સંભારી - સંભારીને કાઢે - ઉપયોગમાં લે. આખરે તો જાણે આપનારને ઠારી દેવા માગતા હોઇએ એવું જ ને!! બ...સ... આમ જ આખો જન્મારો વહી જાય છે. આજુબાજુ કે અન્યમાં ન હોય એટલો બગાડો આપણા ખુદમાં પડેલો હોય છે. જે પડોશી આપણું જરાય નુકશાન ના કર્યું હોય એ પણ જો કોઇ બાબતમાં આપણાથી જરા વધારે આગળ જાય તો ચૂંક આવવાની અને એને જરા અમથું નુકશાન થાય તો આનંદ પામવાના. દેખાવ હિતેચ્છુ કે સ્વજનનો કરવાનો પણ પાછા બોલીએ નાખીએ - 'માણસ એવા લાગનો જ હતો.' આવો વ્યવહારો તો સામાન્ય બનતા જાય છે. બહાર એક જ મહોરૂં દેખાય પણ છીએ તો દશાનન. આજના વ્યક્તિ પાસે જાતને અને જગતને મૂલવવાની પોતાને રાસ આવે એવી અનેક વ્યક્તિઓ છે. બીજાને ઉડાઉ ગણે ને પોતાને ઉદાર મૂલવે. કોઇ કરકસર કરે તો લોભી ઠેરવે... એક જ બાબતનાં મનઘડંત અર્થ કરનારાનો કોઇ તોટો નથી. અળવીતરા છોકરાની જેમ ચાલતાં ચાલતાં એ અડપલાં કરતો રહે છે. ગીત ગાઇને નહીં પણ ગાળ દઇને પોતાના અસ્તિત્વની જાહેરાત કરનારાઓનો ક્યાં તોટો છે?

ભગવાને માણસને બુધ્ધિ આપીને એને તર્ક ચલાવતો કર્યો. જેવા તર્ક ચલાવો એવી જિંદગી ઘડાય. આપણા રોજિંદા વ્યવહારોનું સભાનતાપૂર્વક પૃથ્થકરણ કરીએ તો આ સઘળું ચે આપમેળે સમજાઇ જશે કે આપણું જીવન બહાનાબાજીથી ભરેલું છે. જાતને ક્ષણે ક્ષણે માફ કરીએ પણ અન્યને જીવનભર માફ ન કરવાના મક્કમતાથી સોગંદ લઇએ છીએ. નિત નવી કેફિયતો આપવામાં સહુ માહેર છે. પેલી જૂની કહેવત છે ને.... 'ગામનાં છોકરાં ગારાંનાં, પાડોશીનાં પિત્તળનાં ને છગન-મગન મારા સોનાનાં.' આવા સિધ્ધાંતો. 'જે સારૂં તે મારૂં' કરવાનું નહીં પણ 'જે મારૂં છે તે સારૂં' આ સાબિત કરવામાં પોતાનું પિત્તળ પરખાઇ જતું હોય છે.

દોસ્તો, આત્મનિંદા કે આત્મ પ્રશંસાથી મુક્ત રહેવું મુશ્કેલ છે. આપણે કોઇ કુહરના અંધકારમાં ઢબુરાવા જન્મ્યા નથી. આપણે તો શિખરવાસી બનવાનું છે. આ માટે સીધાં ચડાણ પણ ચઢવા પડશે. મહેનત માગી લે એવું છતાં એમાંથી પ્રાપ્ત આનંદની તુલના કરી શકાય એમ પણ નથી. ગીતાકારનું એક વચન છે,

"પ્રસાદે સર્વ દુઃખાનામ્ હાનિરસ્યો ડ્પજાયતે ।"

જીવનની પરમાત્માના પ્રસાદની પ્રાપ્તિ સહજ નથી. જીવનમાં સત્યો આંખની પાંપણ જેટલાં જ નજીક છે પણ 'આખી દુનિયા જોનારી આંખ પાંપણને કદી જોઇ શકતી નથી!!'

હમણાં આત્મીય સ્વજન એવા ગોધરાના મુ. ભરતભાઇ જાની સાહેબ સાથે ટેલિફોનીક સંવાદમાં એક સુવર્ણ વાક્ય જડ્યું. 'આપણે દુઃખમાં હોઇએ ત્યારે આપણા ખાસ સ્વજનો દૂર જાય છે ને સુખમાં હોઇએ ત્યારે આપણે એમનાથી દૂર જતા હોઇએ છીએ આપણાથી આવું ન થાય એની સભાનતા રાખીએ.'

દોસ્તો, જીવનમાં સત્યો જો સરજાઇ જાય તો આપણી આનંદયાત્રા પ્રમાણમાં વધારે મુશ્કેલ નથી જ નથી...!!

- : સ્પર્શમણિ : -

જિંદગીમાં એક પછી એક રૂપોને છોડવા જઇને આખરે પોતાના
સાચા રૂપને, સ્વ-રૂપને પામવું તેનું નામ જ સાચી
સાધના. સાધના એ છોડતા જવાની પ્રક્રિયા છે
વળ ઉપર
વળ ચડાવતા જવાની નહિ, વળ ઉકેલતા જવાની
પ્રક્રિયા છે

- અનિરૂધ્ધ બ્રહ્મભટ્ટ

સગીરોનું વેચાણ મનુષ્યહરણ, મનુષ્યનયન તેમજ ગુલામી અને વેઠ અંગે કાયદાની જોગવાઇઓ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

કોઇ પણ સગીર વ્યક્તિનું તેના વાલીના કબજામાંથી સંરક્ષણમાંથી મનુષ્યહરણ તેમજ વ્યક્તિની સંમતી વગર તેને બંધક બનાવવો તે અપહરણનો ગુનો ગણાય છે. જે લગત ૭ વર્ષ સુધીની સજા અને દંડની જોગવાઇ ભારતીય ફોજદારી ધારા કલમ-૩૬૦માં અને ૩૬૪ થી ૩૬૯ માં જણાવેલ છે.

ભારતમાંથી મનુષ્યકરણનો ગુનો કોઇ પણ વયની અને સંબંધમાં બની શકે છે, કોઇ પણ ઉંમરની વ્યક્તિના સંબંધમાં મનુષ્યનયન થઇ શકે છે એવી જ રીતે ભારતમાંથી મનુષ્યહરણનો ગુનો તેની ઉંમરને લક્ષમાં લીધાં સિવાય કોઇ પણ સગીરનું તેના કાયદેસરના વાલીના રક્ષણમાંથી અપહરણ કરવાનો ગુનો ત્યારથી જ બની જશે. જો પુરૂષ હોય તો ૧૬ વર્ષની નીચેની વયનો હોવો જોઇયે. અને સ્ત્રી હોય તો ૧૮ વર્ષની નીચેની વયની હોવી જોઇયે.

અપહરણ કરનાર વ્યક્તિએ બળ અગર તો છળકપટનો ઉપયોગ કર્યો હોવો જોઇએ જ્યારે મનુષ્ય હરણના સંબંધમાં કલમ-૩૬૦ અને ૩૬૧માં જણાવ્યા મુજબ ખરેખર ઉપાડી જવાની અથવા ફોસલાવીને તેડી જવાની હકીકત અગત્યની છે. બંને ગુનામાં ભોગ બનનાર વ્યક્તિની સંમતિ મહત્ત્વનો ભાગ ભજવે છે મનુષ્યવધના અપરાધમાં લઇ જવામાં આવેલી વ્યક્તિએ સ્વેચ્છાએ અને સ્વતંત્ર રીતે સંમતિ આપી હોય તો તેનું મનુષ્યનયન ક્ષમ્ય છે. આવી વ્યક્તિ સંમતિ આપવાને લાયક હોવી જોઇયે. સગીર કે માનસિક વિકલાંગ ના હોવી જોઇયે. અત્યંત પવિત્ર હેતુથી કરવામાં આવ્યું હોય છતાં મનુષ્યહરણ હંમેશાં શિક્ષાને પાત્ર છે.

કોઇ વ્યક્તિને જોર જુલમથી અથવા દગાબાજીની કોઇ સ્થળેથી જવાની ફરજ પાડવામાં આવે અથવા પ્રેરણામાં આવે એટલે મનુષ્યનયન ગણાય પછી ભલે તેનું અંતર ટૂકું હોય.

ગુનાહીત ધમકી દ્વારા અથવા અધિકારનો દુરપયોગ કરીને અથવા જોર જુલમ કરીને કોઇ સ્ત્રીને કોઇ પણ સ્થળેથી જવા માટે પ્રેરવી કે જેથી તેને ગુપ્ત ગેરવ્યાજબી કેદ કરવાના ઇરાદાથી તેમજ ફોસલાવી લગ્ન કરવાના ઇરાદાથી ફરજ પાડવી અને સંભોગ કરવો કલમ - ૩૬૫, ૩૬૬ મુજબ સજાપાત્ર ગુનો છે.

દસ વર્ષની નીચેના બાળકનું તેના અંગ ઉપરની જંગમ મીલકતની ચોરી કરવાના ઇરાદાથી અપહરણ કરવું એ કલમ-૩૬૯ મુજબ સજાપાત્ર ગુનો બને છે. કોઇ પણ વ્યક્તિ ૧૮ વર્ષની નીચેની છોકરીને ફોસલાવી ભગાડી જવાના કૃત્ય બદલ કલમ - ૩૬૬ મુજબ સજા પાત્ર ગુનો બને છે.

કોઇ પણ વ્યક્તિને ગુલામ બનાવવાના ઇરાદાથી અથવા અકુદરતી વાસનાનો આધીન થાય તે માટે કોઇ વ્યક્તિનું અપહરણ અથવા મનુષ્યનયન કરવા ના ગુના માટે ભારતીય ફોજદારી ધારા કલમ-૩૬૭ મુજબ સાત વર્ષની સજા ના પાત્ર બને છે. તેમજ કોઇ વ્યક્તિને ગુલામ તરીકે તેની મરજી વિરૂધ્ધ સ્વીકારવી/મેળવવી અથવા અટકાયતમાં રાખવા બદલ કલમ-૩૭૦ મુજબ સજા પાત્ર ગુનો બને છે. ગુલામોની આયાત કરવી, ખસેડવા, વેચવા અથવા તેનો વેપાર કરવો અથવા તેવા પ્રકારનો વ્યવહાર કરવો એ કલમ-૩૭૧ મુજબ સજાપાત્ર ગુનો છે.

અનૈતિક હેતુઓ માટે ૧૮ નીચેની વયની સગીર વ્યક્તિઓના વેચાણ અને ખરીદીને ઉગતી પધ્ધતિથી વેશ્યાવૃત્તિ કરવા મજબૂર કરવી અગર તો ગેરકાયદેસર રીતે સંભોગ કરવા મજબૂર કરવી અગર તો ભાડે આપવી, ખરીદવી તથા ભાડે રાખનાર વ્યક્તિપણ કલમ-૩૭૩ મુજબ સજા પાત્ર ગુનેગાર બને છે.

જ્યારે ૧૮ વર્ષની નીચેની વયની છોકરીને કોઇ કુટણખાનું ચલાવનાર વ્યક્તિને ત્યાં વગે કરવામાં આવી હોય અથવા જેમણે તેનો કબજો મેળવ્યો છે તે વેશ્યાવૃત્તિ માટે તેને વગે કરી હતી અથવા આવી પ્રવૃત્તિ તથા ગેરકાયદેસર રીતે કબજો મેળવ્યો છે તેમ માની કલમ-૩૭૨-૩૭૩ મુજબ ગુનેગાર ગણવામાં આવે છે કાયદામાં સાત વર્ષની સખત કેદની અને દંડની જોગવાઇ છે.

અપહરણ અથવા મનુષ્યનયન એ ભારતમા નવું નથી ગુલામી વેઠ પ્રથા ભૂતકાળમાં અસ્તિત્વ ધરાવતી હતી, ગેરકાયદેસર રીતે ગુલામોની ખરીદ વેચાણ થતા તેમજ બહારનાં દેશમાં વેશ્યાવૃત્તિ માટે સગીર બાળાને અપહરણ કરી ગેરકાયદેસર વેચાણ કરવામાં આવતી અગર તો વેઠ કરાવવામાં આવતી હાલમાં પણ દુબઇ, દ.આફ્રિકા, વિગેરે દેશોમાં આવા બનાવો પ્રકાશમાં આવે છે.

ગુજરાતમાંથી સગીર બાળકોના અપહરણના ઘણા બનાવો પ્રકાશમાં આવ્યા છે. પરંતુ પોલીસને પુરતી કડી કે પુરાવા ના મળવાના કારણે અગર તો આવા બાળકો બારોબાર વિદેશમાં સગે વગે કરી દેવાનાં કારણે ગુનેગાર પકડાતા નથી તેમજ નસીબદાર વ્યક્તિ આવા લોકોની ચુંગાળમાંથી હેમખેમ પરત આવે તો પણ પોલીસના ચક્કરમાં પડવા માંગતા ના હોય ગુનાઓનો ઢાંકપીછોડો કરવામાં આવતા. ગુનેગારો છટકી જાય છે. તેમજ પુરાવાના અભાવે કોર્ટમાંથી છુટી જાય છે.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૦મી ફેબ્રુઆરી

- 'રૂકમણિ કલાવિહાર'ના સ્થાપ